सत्यमेव जयते

150 YEARS OF CELEBRATING THE MAHATMA

# પ્રાદેશિક કમિશ્નર નગરપાલિકાઓ ભાવનગર.

ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળની કચેરી બિલ્ડીંગ,
"મહાત્મા ગાંધી સદન"
મોતીબાગ, ટાઉન હોલ, ભાવનગર
ફોન : (૦૨૭૮) ૨૫૧૬૨૫૨
Email : rcombhavnagar@gmail.com


નં.પ્રા.ક.ન./તાંત્રીક/અમરેલી/SBM/વ.મં./૨૦૧૮-૧૯/વશી/૨૦૨૦/૭૫૫ તા.૨૯/૨/૨૦૨૦

૪૪૫૫
૨૨૩૧૮

વિષય :- સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ ગ્રાન્ટના (કન્સ્ટ્રકશન) કામોની અંદાજોની ચકાસણી કરી વહીવટી મંજુરી આપવા બાબત.

સંદર્ભ:-(૧) કમિશ્નરશ્રી મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશન કચેરી ગાંધીનગરના પત્રનં.કમિ.મ્યુનિ/ક.મ./ડુડા/વશી૨૦૧૮ તા.૦૫/૦૬/૨૦૧૮

(૨) સ્વચ્છ ભારત મિશન-ગુજરાત, ગાંધીનગરના દ.હુ.નં. સભમ/૧૦૨૦૧૮/૩૦૧૯/૪૯૨/SBM/૪૯૬ તા.૧૫/૧૦/૨૦૧૮

(૩) સ્વચ્છ ભારત મિશન-ગુજરાત, ગાંધીનગરના દ.હુ.નં. સભમ/૧૦૨૦૧૮/૧૯૨૭/SBM/ તા.૦૮/૦૩/૨૦૧૯

(૪) કા.ઈ.ની કચેરી , માર્ગ અને મકાન વિભાગ(રાજ્ય)અમરેલી નં.પીબી/બી/૬૬/૪૧ તા.૧૮/૦૧/૨૦૨૦

(૫) નાં.કા.ઈ.ની કચેરી , માર્ગ અને મકાન પેટા વિભાગ નં.૧ અમરેલી નં.પીબી/બી/૫૭૦ તા.૦૮/૦૧/૨૦૨૦

(૬) ચીફ ઓફિસરશ્રી, અમરેલી પત્ર નં.આરોગ્ય/એસ.બી.એમ./૨૨૯/૨૦૧૯-૨૦ તા.૨૭/૦૧/૨૦૨૦

હુકમ :

નગરપાલિકાઓમાં વિકાસના કામો માટે ગ્રાન્ટ ફાળવણીના હુકમો સંદર્ભ-૧ અન્વયે હવેથી ભાવનગર ઝોનની તમામ નગરપાલિકાઓના કામોને વહીવટી મંજુરી આપવાની તથા ગ્રાન્ટ ફાળવણી કરવાની સત્તા પ્રાદેશિક કમિશ્નર નગરપાલિકાઓ, ભાવનગરને આપવામાં આવેલ છે. જે ધ્યાને લેતા ,

સંદર્ભ-૨ મુજબ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ યોજના અન્વયે વર્ષ ૨૦૧૮-૧૯ અંતર્ગત અમરેલી નગરપાલિકા "અ"વર્ગને ધ્યાને લેતા તેમને ફાળવવામાં આવેલ ગ્રાન્ટ રૂ.૬,૯૮,૫૨,૩૭૫/-(અંકે રૂપિયા છ કરોડ અઠાણું લાખ બાવન હજાર ત્રણસો પંચોતેર પુરા) મળવાપાત્ર છે

સંદર્ભ-૩ મુજબ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ યોજના અન્વયે વર્ષ ૨૦૧૮-૧૯ અંતર્ગત તા.૨૭/૦૨/૨૦૧૯ ના રોજ મંજુર થયેલ રીવાઇઝડ ડી.પી.આર. રૂ.૨,૦૭,૯૭,૦૦૦/- (અંકે રૂપિયા બે કરોડ સાત લાખ સતાણું હજાર પુરા) ની મંજુરી આપેલ છે. જે ધ્યાને લેતા ,

સંદર્ભ-૪ અને ૫ મુજબ કુલ ૧૦ (દસ) કામોની રકમ કુલ રૂ.૧,૦૦,૭૪,૧૪૦/-(અંકે રૂપિયા એક કરોડ ચુમોતેર હજાર એકસો ચાલીસ પુરા) ની તાંત્રિક મંજુરી આપવામાં આવેલ છે.

સંદર્ભ-૫ મુજબ ચીફ ઓફિસરશ્રી,અમરેલી ના પત્ર દ્વારા સ્વચ્છ ભારતર મિશન અંતર્ગત સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ યોજના હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯ ના કામો હાથ ધરવા વહીવટી મંજુરી માંગવામાં આવેલ હોય જે અન્વયે નીચે મુજબના કામો નક્કી કરેલ છે.

| ક્રમ | કામનું નામ | વહીવટી મંજુરીની રકમ અંદાજીત કેપિટલ કોસ્ટ (૩% કન્ટીજન્સી ચાર્જ મુજબ) |
|---|---|---|
| ૧ | પ્રોવાઈડીંગ ફીલિંગ એન્ડ કોન્સોલીડિશન ઓફ સોઇલ ફોર સોલીડ વેસ્ટ પ્રોસેસિંગ એન્ડ ડિસ્પોઝેબલ ફેસેલીટી એટ અમરેલી. | ૧૭,૧૩,૭૦૦/- |
| ૨ | કન્સ્ટ્રકશન વર્ક ઓફ રેઈન્ફોર્સડ સિમેન્ટ કોન્ક્રીટ રોડ એટ વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટ ફોર સોલીડ વેસ્ટ પ્રોસેસિંગ એન્ડ ડિસ્પોઝેબલ ફેસેલીટી એટ અમરેલી. | ૧૯,૬૪,૪૦૦/- |


નગર સેવા સદન અમરેલી
આવક નંબર ૨૩૯૮
શાખાનું નામ આરોગ્ય શાખા
11 MAR 2020
હેડ ક્લાર્ક ચી.ઓ. પ્રમુખશ્રી

| | | |
|---|---|---|
| ૩ | કન્સ્ટ્રકશન વર્ક ઓફ રેઈન્ફોર્સડ સિમેન્ટ કોન્ક્રીટ રોડ એટ વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટ ફોર સોલીડ વેસ્ટ પ્રોસેસિંગ એન્ડ ડિસ્પોઝેબલ ફેસેલીટી એટ અમરેલી. | ૨૪,૫૦,૭૦૦/- |
| ૪ | કન્સ્ટ્રકશન વર્ક ઓફ સી.સી.રોડ સોલીડ વેસ્ટ પ્રોસેસિંગ એન્ડ ડિસ્પોઝેબલ ફેસેલીટી એટ અમરેલી. | ૭,૮૯,૬૦૦/- |
| ૫ | કન્સ્ટ્રકશન વર્ક ઓફ સી.સી.રોડ સોલીડ વેસ્ટ પ્રોસેસિંગ એન્ડ ડિસ્પોઝેબલ ફેસેલીટી એટ અમરેલી. | ૭,૮૯,૬૦૦/- |
| ૬ | કન્સ્ટ્રકશન વર્ક ઓફ કમ્પોસ્ટ પ્રોસેસિંગ શેડ ફોર મટેરીયલ રીકવરી ફેસેલીટી ફોર સોલીડ વેસ્ટ પ્રોસેસિંગ એન્ડ ડિસ્પોઝેબલ ફેસેલીટી એટ અમરેલી. | ૯,૫૩,૬૪૦/- |
| ૭ | કન્સ્ટ્રકશન વર્ક ઓફ સાઈટ પ્રીપેરેશન ફોર લેન્ડ સ્કેપ વોશ સીસ્ટમ એન્ડ પ્રિકાસ્ટ કમ્પાઉન્ડ વોલ ફોર સોલીડ વેસ્ટ વેસ્ટ પ્રોસેસિંગ એન્ડ ડિસ્પોઝેબલ ફેસેલીટી એટ અમરેલી. | ૬,૪૦,૭૦૦/- |
| ૮ | કન્સ્ટ્રકશન વર્ક ઓફ ઓફીસ બ્લોક એન્ડ સ્ટોર રૂમ ફોર સોલીડ વેસ્ટ પ્રોસેસિંગ એન્ડ ડિસ્પોઝેબલ ફેસેલીટી એટ અમરેલી. | ૨,૬૫,૫૦૦/- |
| ૯ | કન્સ્ટ્રકશન વર્ક ઓફ સિક્યુરિટી કેબીન કમ વે-બ્રીઝ રૂમ ફોર સોલીડ વેસ્ટ પ્રોસેસિંગ એન્ડ ડિસ્પોઝેબલ ફેસેલીટી એટ અમરેલી. | ૧,૧૩,૮૦૦/- |
| ૧૦ | કન્સ્ટ્રકશન વર્ક ઓફ ટોઈલેટ બ્લોક ફોર સોલીડ વેસ્ટ પ્રોસેસિંગ એન્ડ ડિસ્પોઝેબલ ફેસેલીટી એટ અમરેલી. | ૩,૯૨,૫૦૦/- |
| | કુલ રૂપિયા | **૧,૦૦,૭૪,૧૪૦/-** |

ઉપર મુજબની વિગતે અમરેલી નગરપાલિકામાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ યોજના વર્ષ ૨૦૧૮-૧૯ ની ગ્રાન્ટ કુલ રૂ.૬,૯૮,૫૨,૩૭૫/-**(અંકે રૂપિયા છ કરોડ અઠાણું લાખ બાવન હજાર ત્રણસો પંચોતેર પુરા)** મળવાપાત્ર છે અને તા.૨૭/૦૨/૨૦૧૯ ના રોજ મંજુર થયેલ રીવાઈઝડ ડી.પી.આર. રૂ.૨,૦૭,૯૭,૦૦૦/- **(અંકે રૂપિયા બે કરોડ સાત લાખ સતાણું હજાર પુરા)** ની મંજુરી આપેલ છે જે અનુસંધાને તેમાંથી તાંત્રિક મંજુરી નો હુકમ જોતા આ કામોને ઉપર મુજબની કુલ રકમ રૂ.૧,૦૦,૭૪,૧૪૦/-**(અંકે રૂપિયા એક કરોડ ચુમોતેર હજાર એકસો ચાલીસ પુરા)** (૩% કન્ટીજન્સી ચાર્જ મુજબ) ની વહીવટી મંજુરી આપવામાં આવે છે તથા ગ્રાન્ટ સિવાયની વધારાની રકમનો ખર્ચ નગરપાલિકાએ સ્વભંડોળ માંથી કરવાનો રહેશે જે નીચેની શરતોને આધીન મંજુરી આપવામાં આવે છે.

<u>શરતો :-</u>

૧. કામમાં વાપરવામાં આવતા દરેક માલ સામાનના કામ શરુ કરતા પહેલા સરકાર માન્ય એજન્સી પાસે લેબોરેટરી ટેસ્ટીંગ કરાવવાનું રહેશે અને બેચ વાઈઝ ચણતર તથા ક્રોન્ક્રીટ ટ્યુબના ટેસ્ટીંગ કરાવવાના રહેશે.

૨. કામો જરૂરી લેવલીંગ કરી ગ્રેડ મેળવી વરસાદના પાણીની ભરાવો ક્યાંય ન થાય તે રીતે ગ્રેડ મેળવી કામો ઈજનેરી કુશળતાથી કરવાના રહેશે.

૩. સ્વચ્છ ભારત મિશન -ગુજરાત મ્યુનીસીપલ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગરના સંદર્ભ(૨) ના દફતરી હુકમોની શરતોનું પાલન કરવાનું રહેશે.

૪. આ કામો નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાના રહેશે તથા કામો પૂર્ણ કરી તેના કમ્પ્લીશન સર્ટીફીકેટ તથા ખર્ચની વિગત મોકલી આપવાના રહેશે.

૫. સરકારશ્રીના શહેરી વિકાસ વિભાગના તા.૨૩/૦૮/૨૦૧૧ના ઠરાવ મુજબ રિફોર્મ્સ અંગે અનુસૂચી-૧ મુજબની કાર્યવાહી સાથોસાથ કરવાની રહેશે.

૬. સરકારશ્રીના શહેરી વિકાસ વિભાગના આ યોજના અંતર્ગતના ઠરાવો/પરિપત્રો તથા ગુજરાત મ્યુનીસીપલ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગર તેમજ ગુજરાત શહેરી વિકાસ મિશન અને નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની વખતોવખતની સૂચનાઓ તથા શરતોનો અમલ કરવાનો રહેશે.

૭. રોડના તેમજ અન્ય કામોમાં સરકારશ્રીની જોગવાઈ મુજબ રકમ રૂ.૧૦.૦૦ લાખથી વધારે હોય તેવા કામોમાં ડીફેક્ટ લાયેબીલીટી પીરીયડ ઓછામાં ઓછો ૩(ત્રણ) વર્ષનો રાખવાનો રહેશે.

૮. તાંત્રિક અને વહીવટી મંજુરીની દરેક શરતોનું પાલન કરવાનું રહેશે.

૯. ટેન્ડરમાં દર્શાવેલ દરેક આઈટમોના જનરલ તથા વિગતવાર સ્પેસીફીકેશન મુજબ કામો હાથ ધરવાના રહેશે.

૧૦. ભૂગર્ભ ગટરના કામો બાબતમાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સંકલનમાં રહી કામો હાથ ધરવાના રહેશે.

૧૧. કામો શરુ કરતા પહેલા તથા કામો પૂર્ણ થયા બાદના ફોટોગ્રાફ્સ લઇ અધતન રેકર્ડ જાળવવાનું રહેશે.

૧૨. કામો નિયમાનુસાર ટેન્ડર બહાર પાડીને અને મંજુર કરીને એજન્સીને આપવામાં આવતા વર્ક ઓર્ડરની નકલ બાકી હપ્તાની માંગણીની દરેક દરખાસ્ત સાથે જોડવાની રહેશે.

૧૩. સરકારશ્રીના ઉધોગ અને ખાણ વિભાગના તા. ૦૮/૦૭/૨૦૧૧ ના ઠરાવની જોગવાઈ મુજબ તથા ઉધોગ કમિશ્નરશ્રી ગાંધીનગરના તા.૨૫/૦૭/૨૦૧૧ ના પરિપત્રની સુચના મુજબ ઉક્ત કામના ટેન્ડરની પ્રોસેસ તથા ઈ-ટેન્ડરની પ્રોસેસ તથા ઈ- ટેન્ડરીંગની કાર્યવાહી કરવાની રહેશે.

૧૪. સરકારશ્રીના નાણા વિભાગના તા.૧૫/૦૯/૨૦૧૮ ના પરિપત્ર મુજબ કામોના બિલમાં ૧% રકમ SGST પેટે તેમજ ૧% રકમ CGST પેટે કપાત કરવાની રહેશે.

૧૫. ટેન્ડરમાં નિયત સમય માટે ફ્રી મેઈન્ટેનન્સ ક્લોઝનું પ્રોવિઝન ફરજીયાતપણે રાખવાનું રહેશે.

૧૬. ભવિષ્ય ના વિકાસ ને ધ્યાને લઇ કરવામાં આવનારા કામ ને નુકશાન થવાની ભીતિ ન રહે તે રીતે કામ કરવાનું રહેશે

૧૭. કામોની માપપોથી (MB) નિયમિતપણે નિભાવવાની રહેશે કામોની રનીંગ, ફાઈનલ બીલોનું ચુકવણું કરતા અગાઉ માપપોથીમાં નગરપાલિકાના ઓવરસીયર,ઈજનેરશ્રીએ Measured & Recorded By Me લખાણ કરી તારીખ સાથે પોતાના સહી સિક્કા કરવાના રહેશે. તેમજ નગરપાલિકાના એકાઉન્ટન્ટ,એકાઉન્ટ ઓફિસર,ઈન્ટરનલ ઓડીટરે મેજરમેન્ટ બુકની ચકાસણી કરી Arithmetically checked & Found ok નું લખાણ કરી પોતાના સહી સિક્કા કરવાના રહેશે. ઉપરાંત મેજરમેન્ટ બુકમાં તેમજ બીલમાં કોન્ટ્રકટરના સહી સિક્કા કરવ્યા બાદ બીલ મંજુર કરવાનું રહેશે.

૧૮. અત્રેની મંજુરી સિવાય કામોમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરી શકાશે નહી.

૧૯. દરખાસ્તની વિગતે ચીફ ઓફિસરશ્રી દ્વારા આપવામાં આવેલ રસ્તાની માલિકી અંગેનું પ્રમાણપત્ર ધ્યાને લેતા આ વહીવટી મંજુરી આપવામાં આવે છે. જે અંગે ભવિષ્યમાં રસ્તાની માલિકી બાબતે વિવાદ થાય તો તાત્કાલિક કામો અટકાવવાના રહેશે અને જો રસ્તા અંગે જમીનની માલિકી નગરપાલિકાની પુરવાર ન થાય તો આ વહીવટી મંજુરી રદ થયેલી ગણાશે. જે બાબત ધ્યાને લઈને ચીફ ઓફિસરશ્રીએ કાર્યવાહી કરવાની રહેશે.

**પ્રાદેશિક કમિશ્નર**

**નગરપાલિકાઓ ભાવનગર**